<u>આંક – ૧ લગત હુકમ</u>

પોલીસ દ્વારા દાખલ ચાર્જશીટ અને કેસ પેપર્સ વંચાણે લીધા. આ કેસમાં તપાસ કરનાર અમલદાર દ્વારા આરોપી સામે ઇ.પી.કો. કલમ – ૧૮૮ મુજબ દાખલ એફ. આઈ. આર. ના આધારે તપાસ કરી ચાર્જશીટ દાખલ કરી છે. ઇ.પી.કો. કલમ – ૧૮૮ સી.આર.પી.સી મુજબ કોગ્નીઝેબલ ગુનો છે. પરંતુ સી.આર.પી.સી. ની કલમ – ૧૯૫ ધ્યાને લેતા ઇ.પી.કો. કલમ – ૧૭૨ થી ૧૮૮ મુજબ ગુનાઓ માટે કોર્ટ ત્યાં સુધી કોગ્નીઝન્સ ન લઇ શકે જ્યા સુધી આ ગુનાઓમાં સંબંધિત રાજ્ય સેવક / અધિકારી છે કે વહીવટ તરીકે તેમના ઉપરના અધિકારી લેખિત ફરીયાદ કોર્ટમાં દાખલ ન કરે. આ કેસમાં પોલીસ દ્વારા જે ચાર્જશીટ દાખલ કરી છે એમા જણાવે છે કે પોલીસ કમિશ્નરનાં જાહેરનામાનો ભંગ થયેલ છે પરંતુ આ કેસમાં પોલીસ કમિશ્નરશ્રી કે તેમના ઉપરના અધિકારી દ્વારા કોર્ટમાં લેખિત ફરીયાદ કોર્ટમાં દાખલ કરવામાં આવેલ નથી. <u>દોલતરામ વિ. સ્ટેટ ઓફ પંજાબ એ.આઇ.આર. ૧૯૬૨ એસ.સી. ૧૨૦૬</u>માં નામ. સુપ્રીમ કોર્ટે એવુ ઠરાવેલ છે કે મજિસ્ટ્રેટ દ્વારા પોલીસ રીપોર્ટ ઉપર લેવામાં આવેલ કોગ્નીઝન્સ માં આરોપી તકસીરવાન ઠરાવવામાં આવેલ હોય અને સી.આર.પી.સી. કલમ – ૧૯૫ લાગતી હોય તો આ સજા મેજિસ્ટ્રેટ હકુમત વિના ગણય અને કર્યવાહી *Void–ab initio* થઇ જાય.

નામ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા <u>રામજી ભીખા કોલી વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૯ સી.અર.એલ.જે. ૧૨૪૪</u> માં એવુ ઠરાવેલ છે કે કોર્ટમાં સી.આર.પી.સી. ની કલમ – ૧૯૫ માં જણાવેલ ગુનાઓમાં લેખિત ફરીયાદ મેજિસ્ટ્રેટ રુબરુ દાખલ કરવી ફરજિયાત છે અને નામ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા આ કેસમાં આરોપી સામે કેસ ખારીજ કરી ફરીયાદ પક્ષને નવી રીતે કાયદા મુજબ કાર્યવાહી કરવાની સ્વતંત્રતા આપેલી. નામદાર પટના હાઇકોર્ટ દ્વારા <u>બીજો યાદવ વિ. સ્ટેટ ઓફ બિહાર (૨૦૦૬)૦ સુપ્રીમ (પટના) ૧૧૧૬</u> માં એવુ ઠરાવેલ છે કે, જે રાજ્ય સેવક / અધિકારીના હુકમનો ભંગ થયેલ હોય તેજ રાજ્ય સેવક / અધિકારી કે તેમના વહીવટ તરીકે ઉપરના અધિકારી ઇ.પી.કો. કલમ – ૧૮૮ મુજબની લેખિત ફરિયાદ કોર્ટમાં કરી શકે થે એને તે રાજ્ય સેવક / અધિકારી તેમના તાબા હેઠળના અધિકારીને ફરિયાદ દાખલ કરવા ઓથોરાઇઝ પણ કરી શકે નહી. સી.આર.પી.સી. ની કલમ – ૧૯૫ અને ઉપર મુજબના ચુકાદાઓ ધ્યાને લેતા હું માનું છું કે ઇ.પી.કો. કલમ – ૧૮૮ માં પોલીસ ચાર્જશીટ ન કરી શકે તથા કોર્ટ ચાર્જશીટને કમ્પલેન્ટ તરીકે પણ ન લઇ શકે.

વધુમાં નામ.ગુજરાત વડી અદાલતે GovardhanKumar Thakoredas Asrani Vs. State of Gujarat; 2018(1) GLH 63 ના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ છે કે જ્યારે એક જ બનાવ હોય અને તે બનાવને કાયદાની કલમ દ્વારા છુટા પાડી શકાય તેમ ન હોય તેવા સંજોગોમાં નામ.વડી અદાલતે સિધ્ધાંત પ્રસ્થાપીત કરેલ છે કે "if in truth and substance, an offence falls in the category of sections in section 195, it is not open to the court to undertake the exercise of splitting them up and proceeding further against the accused for the other distinct offences."આ કેસમાં કોર્ટ દ્વારા આરોપી સામે કોગ્નીઝેન્સ લેવા કાયદાકીય બાધ નડતો હોય આ ચાર્જશીટના આધારે કોઇ કાર્ટવાહી કરવાની રહેતી નથી અને ચાર્જશીટ ને દફ્તરે કરવાનો હુકમ કરવામાં આવે છે.

**તારીખ–૦૯/૦૯/૨૩**
**સુરત.**

**(આઇ.એસ.ભાટી)**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ**
**ફસ્ટ કોર્ટ, સુરત.**